## વડાપ્રધાને અવિશ્વાસ પ્રસ્તાવ સમયે આપેલા જવાબથી જાહેર સાહસોના શેરહોલ્ડરોને જબરી કમાણી

# મોદીની ગેરંટીનો પ્રભાવઃ ૨૨ PSUના શેરના ભાવમાં રૂા.૨૪ લાખ કરોડનો વધારો

નવી દિલ્હી તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૪ની ચુંટણી માટે મોદીની ગેરેન્ટી સાથે દેશને આગામી સમયમાં ત્રીજા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બનાવવાની ખાતરી આપે છે અને આગામી ચુંટણીમાં ફરી એક વખત મોદી સરકાર તે નિશ્ચિત કરી રહી છે તેમાં સૌથી વધુ જાહેર સાહસોના શેરહોલ્ડરોને ફાયદો થઈ રહ્યો છે અને વડાપ્રધાનની પોલીટીકલ ગેરંટીની સીધી અસર ૫૬ મુંબઈ શેરબજારમાં લીસ્ટેડ જાહેર સાહસોના શેર પર પડયો છે અને તેની માર્કેટ વેલ્યુમાં રૂા.૫૯.૫ લાખ કરોડનો વધારો નોંધાયો છે જે ૬૬ ટકાની વૃદ્ધિ દર્શાવે છે અને રોકાણકારોને રૂા.૨૩.૭ લાખ કરોડનો ફાયદો થયો છે. બીએસઈમાં નોંધાયેલા જાહેર સાહસોના શેરમાં અત્યારે કોઈપણ સ્ક્રીપ્ટ નેગેટીવ રિટર્ન આપતી નથી અને અત્યાર સુધી સૌથી ખરાબ દેખાવ કરનાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના શેરમાં પણ ૧૨ ટકાનો વધારો નોંધાયો છે જયારે એનબીસીસીનો શેર ૨૪૯ ટકા વધી ગયો છે અને ૨૨ સ્ક્રીપ્ટ તો તેના શેરહોલ્ડરોને લખપતી બનાવી ગઈ છે. ભારતીય રેલ્વેને આધુનિક બનાવી રહેલ એનબીએફસી, આઈઆરએફસીના શેરના ભાવમાં ૨૨૫ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત હુડકો, આઈટીઆઈ, કોચીન શિપયાર્ડ સહિતના શેર પણ વધ્યા છે. જયારે વીમાક્ષેત્રમાં ન્યુ ઈન્ડીયા અને જનરલ ઈંસ્યુરન્સના શેરમાં પણ વધારો થયો છે. બેંકીંગ ક્ષેત્રમાં પણ તમામ સરકારી ક્ષેત્રોના શેરમાં મોટો વધારો નોંધાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ઓગષ્ટમાં લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવનો જવાબ આપ્યા પછી માર્કેટમાં અને ખાસ કરીને જાહેર સાહસોના શેરમાં જબરી આશા છે. વડાપ્રધાને લોકસભામાં જણાવ્યું હતુ કે 'શેરબજાર મે નહી રૂચી રખનેવાલે કો યહ ગૃહમંત્ર હૈ કી જીન સરકારી કંપનીઓ કો યહ લોગ ગાલી દે (વિપક્ષો) આપ ઉસકે ઉલટા દાવ લગા દીજીએ સબ અચ્છા હી હોનેવાલા હૈ'

વડાપ્રધાને જે રીતે ગેરંટી આપી હતી તે પછી આ સ્થિતિ બની છે. શેરબજારના અગ્રણીઓ પણ કહે છે કે મોદીનો વિશ્વાસ બુલંદી પર છે. એક સમયે લોકો એલઆઈસી ખતમ થઈ ગઈ તેઓ આજે એલઆઈસીમાં રસ ધરાવતા થઈ ગયા છે અને આ સરકારી સાહસ વધુને વધુ મજબૂત થઈ રહ્યું છે.

### વડાપ્રધાને શું કહ્યું હતું?

'શેરબજાર મે નહી રૂચી રખનેવાલે કો યહ ગૃહમંત્ર હૈ કી જીન સરકારી કંપનીઓ કો યહ લોગ ગાલી દે (વિપક્ષો) આપ ઉસકે ઉલટા દાવ લગા દીજીએ સબ અચ્છા હી હોનેવાલા હૈ'

## દેશના સર્વપ્રથમ ગણાતા ડીજીટલ પેમેન્ટ સ્ટાર્ટઅપના મુશ્કેલીમાંથી ઉગરવા પ્રયાસો

# પેટીએમના સીઈઓ નાણામંત્રીને મળતા જ શેરના ભાવમાં ૯ ટકાનો ઉછાળો

**જો કે હજુ આરબીઆઈનું સ્ટેન્ડ અનિશ્ચિતઃ પેમેન્ટ બેન્કનું લાયસન્સ પણ રદ કરવા સુધી બેન્ક જઈ શકેઃ અન્ય ડીજીટલ પેમેન્ટ વોલેટ પણ મોનેટરીંગ હેઠળ**

નવી દિલ્હી તા.૭

વિવાદમાં અને મુશ્કેલીમાં ફસાયેલી પેટીએમના સીઈઓ વિજયશંકર શર્માએ ડેમેજ કંટ્રોલ કવાયત શરુ કરી દીધી છે અને આજે તેઓ પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના અધિકારીઓ અને બાદમાં નાણામંત્રી નિર્મલા સીતારામનને મળ્યા હતા અને ત્યારબાદ શેરબજારમાં છેલ્લા ત્રણ ટ્રેડીંગ સેશનથી તૂટી રહેલા પેટીએમના શેરના ભાવમાં ૯ ટકાનો ઉછાળો નોંધાયો છે અને મુંબઈ શેરબજારમાં તેનો ભાવ ૪૯૬.૭૫ની સપાટીએ પહોંચ્યો હતો.

એક તરફ રિઝર્વ બેંક દ્વારા પેટીએમનું પેમેન્ટ બેન્ક લાયસન્સ સસ્પેન્ડ કરવાની તૈયારી હોવાના અહેવાલ છે. બીજી તરફ એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ પણ પેટીએમ સામેની તપાસમાં ઝંપલાવશે અને ગમે તે ઘડીએ પેટીએમના નોઈડા ખાતેના હેડકવાર્ટરે પહોંચી શકે છે તે વચ્ચે ત્રણ દિવસથી નોનસ્ટોપ વેચાણના કારણે પેટીએમનો શેરનો ભાવ ૪૨ ટકા ઘટયો હતો.

તે સમયે જ પેટીએમના સીઈઓ વિજયશંકર શર્માએ હવે સરકાર સમક્ષ કંપનીની પરીસ્થિતિ નિશ્ચિત કરવા તૈયારી કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ પેટીએમ પર નવી ડિપોઝીટ લેવા કે તેના વેલેટમાં પૈસા સ્વીકારવા પર તા.૨૯ ફેબ્રુ. ૨૦૨૪ બાદ પ્રતિબંધ આવી જશે તે ડેડલાઈન વધારવા માટે શર્મા પ્રયત્નશીલ છે અને આજે નાણામંત્રી નિર્મલા સીતારામનને મળીને આ મુદાઓ ઉકેલી શકાય છે તેવું નાણામંત્રીને ગળે ઉતારવા પ્રયત્ન કર્યો હતો. જો કે હજુ આરબીઆઈનું સ્ટેન્ડ કલીયર થયું નથી અને તેના કારણે પેટીએમને કેટલી રાહત મળશે તે પણ પ્રશ્ન છે.

# પેટીએમ બાદ વધુ એક કંપની પર તવાઈ?

### સરકારે ફિનટેક કંપની BharatPeને નોટિસ મોકલી, સ્થાપક અશ્નીર ગ્રોવર વિશે માહિતી માંગી

ન્યુ દિલ્હી : ભારત સરકારના કોર્પોરેટ અફેર્સ મંત્રાલયે ફિનટેક કંપની ભારત પેને નોટિસ જારી કરી છે. આ નોટિસ કંપની એક્ટના સેક્શન ૨૦૬ હેઠળ જારી કરવામાં આવી છે, જેમાં સરકારે કંપની પાસેથી તેના ફાઉન્ડર અશ્નીર ગ્રોવર વિરુદ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી વિશે માહિતી માંગી છે.





મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોર્પોરેટ અફેર્સ મંત્રાલયે કંપની પાસેથી એશનીર ગ્રોવર વિરુદ્ધ દાખલ કરાયેલા ક્રિમિનલ કેસમાં કોર્ટમાં રજૂ કરેલા પુરાવાઓ વિશે માહિતી માંગી છે. ફિનટેક કંપની વર્ષ ૨૦૨૨માં વિવાદમાં આવી હતી જયારે કંપનીના સ્થાપક અશ્નીર ગ્રોવરે કોટક ગ્રુપના કર્મચારી વિરુદ્ધ વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો અને તેને ધમકી આપી હતી. ખરેખર, કોટક ગ્રુપના કર્મચારી નાયકા કંપનીના IPO દરમિયાન ફાળવણી સુરક્ષિત કરી શક્યા ન હતા. વિવાદ બાદ, અશ્નીર ગ્રોવરે ઇવફફિન્ટ્ઇ ના મેનેજિંગ ડિરેક્ટરના પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને કંપનીએ તેના નાણાકીય એકાઉન્ટ્સનું ઓડિટ કરાવવાનું નક્કી કર્યું હતું.

કંપનીએ આરોપો મૂક્યા હતા : ઓડિટ પછી, BharatPe એ અશ્નીર ગ્રોવર, તેની પત્ની અને તેના ભાઈ સામે ભંડોળના દુરુપયોગ અને છેતરપિંડીનો કેસ દાખલ કર્યો હતો. કંપનીએ દાવો કર્યો હતો કે અશ્નીર અને તેની પત્નીના કારણે કંપનીને ૮૮.૬૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. કંપનીએ નુકસાનની ભરપાઈ કરવા માટે કેસ દાખલ કર્યો હતો. જોકે, અશનીરે પોતાની અને તેની પત્ની પર લાગેલા આરોપોને નકારી કાઢ્યા હતા. કંપનીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભારતપે ટેક્નોલોજીમાં અશ્નીર ગ્રોવરનું કોઈ યોગદાન નથી.



# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એકાએક દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી

### એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ

નવી દિલ્હી, તા.૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુધવારે દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી હતી. જેનો એક વીડિયો સામે આવ્યો છે. મેટ્રોમાં મુસાફરી કરી રહેલા રાષ્ટ્રપતિની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

સમાચાર એજન્સી એએનઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં મોટી સંખ્યામાં સુરક્ષા અધિકારીઓ અને કર્મચારીઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની આસપાસ સતર્ક ઊભા જોવા મળે છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે ડીએમઆરસીના ઉચ્ચ અધિકારીઓ મેટ્રોમાં મેટ્રોની કામગીરી અંગે રાષ્ટ્રપતિ મુર્મુને માહિતી આપી રહ્યા છે.

## તપાસ સમિતિની કરાઇ રચના

# હરદા ફટાકડા ફેક્ટરીના માલિક સહિત ત્રણની ધરપકડ કરાઈ

### વિસ્ફોટ સાથે સંબંધિત કેસમાં આરોપીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૭

મધ્યપ્રદેશના હરદામાં મંગળવારે સવારે થયેલા બ્લાસ્ટ કેસમાં પોલીસે ગેરકાયદેસર ફટાકડાના કારખાનાના માલિક રાજેશ અગ્રવાલ અને સોમેશ અગ્રવાલ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. બંને કારખાનાના માલિકો પોલીસથી બચવા માટે હરદા છોડીને નેશનલ હાઈવે પરથી ભાગી રહ્યા હતા, તે દરમિયાન રાજગઢ જિલ્લાના સારંગપુર નજીક હાઈવે પરથી પોલીસે તેમને પકડી લીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ત્રીજા આરોપીનું નામ રફીક ખાન છે. નોંધનીય છે કે આ મામલામાં હરદાના સિવિલ લાઈન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ ત્રણેય આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે, જેમની આ કેસમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. હરદાના મગરધા રોડ પર બનેલી ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં મંગળવારે સવારે થયેલા બ્લાસ્ટના કારણે સર્જાયેલી તબાહી વચ્ચે કારખાનેદાર રાજેશ અગ્રવાલ અને સોમેશ અગ્રવાલ ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. બ્લાસ્ટ કેસમાં પોલીસે શહેરના સિવિલ લાઇન પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ એક્સપ્લોઝિવ એક્ટ અને આઈપીસીની અલગ-અલગ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ દરમિયાન પોલીસને માહિતી મળી કે આરોપીઓ ઉજ્જૈનના રસ્તે ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે પોલીસ મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીને જોડતા નેશનલ હાઈવે દ્વારા આરોપીઓનું લોકેશન મેળવી રહી હતી. ત્યારબાદ પોલીસની ટીમે ઉજ્જૈન નજીક મક્સીમાં દરોડો પાડ્યો પરંતુ બંને આરોપીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા, તેમનો પીછો કરતા પોલીસ ટીમે રાજગઢ જિલ્લાના સારંગપુર નજીક હાઈવે પર કારખાનાના બંને માલિકોને પકડી લીધા હતા.

# ઈન્સ્યોરન્સ પોલિસી પર જીએસટી ઘટાડવા સંસદીય કમિટીએ કરી ભલામણ

નવી દિલ્હી તા.૭

પૂર્વ નાણા રાજયમંત્રી જયંત સિંહાની અધ્યક્ષતાવાળી એક સંસદીય કમિટીએ ભલામણ કરી છે કે ઈંસ્યોરન્સ પ્રોડકટ વિશેષરૂપે હેલ્થ અને ટર્મ ઈંસ્યોરન્સ પર જીએસટીને તર્ક સંગત બનાવવાની જરૂરીયાત છે.

અહેવાલો મુજબ કમિટીએ એ પણ સૂચન કર્યું છે કે સરકાર તરફથી ભારતીય રિઝર્વ બેન્ક વિમા ઈન્ડસ્ટ્રીની મૂડી જરૂરીયાતોને પુરી કરવા માટે ઓન ટેપ બોન્ડ જાહેર કરી શકે છે.જે ૪૦,૦૦૦ કરોડથી ૫૦,૦૦૦ કરોડ રૂપિયા પર આંકવામાં આવ્યું છે.

# યુપીઆઈમાં ખોટકો સર્જાતા લાંબા સમય સુધી ગ્રાહકો પૈસાની લેવડ-દેવડ ન કરી શકયા

નવી દિલ્હી તા.૭

યુપીઆઈ સેવામાં વિઘ્ન પેદા થતા અનેક મોટી બેન્કોના ગ્રાહકો ઘણા લાંબા સમય સુધી નાણાંની લેવડ-દેવડ કરી શકયા નહોતા. એચડીએફસી બેન્ક, બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, એસબીઆઈ અને કોટક મહિન્દ્રા બેન્ક સહીત અન્ય બેન્કોનાં ગ્રાહકોને પણ આ પરેશાનીનો સામનો કરવો પડયો હતો.અનેકવાર પ્રયાસો કરવા છતા પૈસા મોકલવામાં અસફળ રહ્યા હતા. યુપીઆઈનુ સર્વર ઠપ્પ થવાની ફરિયાદ ગ્રાહકોએ સોશ્યલ મીડીયાનાં મંચ એક્સ (પૂર્વ ટવીટર) પર પણ કરી. યુઝર્સની ફરિયાદો હતી કે વારંવાર કોશીશ છતા પેમેન્ટ નહોતું થઈ શકતુ. અનેક બેન્કોમાં સર્વર પણ ડાઉન હતા અનેક ગ્રાહકોએ સામનો ભીમ, ફોન પે, ગુગલથી યુપીઆઈનો ઉપયોગ કરનાર ગ્રાહકોને કરવો પડી રહ્યો છે.


**PALM JEWELS LTD.** CIN : L36910GJ2005PLC046809

Registered Office : C/205, D/205, 2nd Floor, Super Mall, Besides Lal Bungalow, C.G. Road, Ahmedabad - 380009, Gujarat, India. || Website : www.palmjewelsltd.com || E-mail : compliance.pjl@gmail.com || Contact : +91 8460449722

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 31ST DECEMBER, 2023** (Rs. in Lakhs)

| Sr. No | Particulars | Quarter ended on 31-12-2023 Unaudited | 9 Months ended on 31-12-2023 Unaudited | 9 Months ended on 31-12-2022 Unaudited | Half Year ended on 30-09-2023 Unaudited | Half Year ended on 30-09-2022 Unaudited | Year ended on 31-03-2023 Audited |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total Income | 5,682.86 | 12,037.52 | 7,659.53 | 6,354.66 | 4,421.89 | 9,987.02 |
| 2 | Net Profit for the year before tax | 15.30 | 35.99 | 24.2 | 20.69 | 18.97 | 39.48 |
| 3 | Net Profit for the year after tax | 11.30 | 27.99 | 18.2 | 16.69 | 14.97 | 30.48 |
| 4 | Total Comprehensive Income for the year | 11.30 | 27.99 | 18.2 | 16.69 | 14.97 | 30.48 |
| 5 | Paid up Equity Share Capital | 1,004.10 | 1,004.10 | 1,004.10 | 1,004.10 | 1,004.10 | 1,004.10 |
| 6 | Other Equity Excluding Revaluation Reserve | - | - | - | - | - | - |
| 7 | Earnings per Share (Face Value of Rs.10/- each) Basic & Diluted | 0.11 | 0.28 | 0.18 | 0.17 | 0.15 | 0.30 |

Notes : (1) The above Financial Results were reviewed by the Audit Committee and Approved by the Board of Directors at their respective Meetings held on 07.02.2024 (2) The Statutory Auditors have carried out Limited Review of the above standalone financial results for the quarter ended on 31st December, 2023 as required under Regulation 33 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. (3) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the same is available on the websites of the Stock Exchange and the listed entity. (4) Previous periods figures have been regrouped / reclassified where considered necessary to conform to current period's classification.

For and on behalf of Palm Jewels Ltd.
sd/- **Rohit Shah**, Managing Director - DIN : 00543440

Place : Ahmedabad || Date : 07/02/2024



**RAGHUVIR SYNTHETICS LIMITED**

Regd. Office: Rakhial Road, Rakhial, Ahmedabad-380023
Phone: 079-22911015-22911902 • CIN : L17119GJ1982PLC005424
E-mail : info@raghuvir.com • Website: www.raghuvir.com

**EXTRACT OF CONSOLIDATED UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31ST DECEMBER, 2023**

(Rs. In Lacs except per share data)

| Particulars | Current Quarter Ending | Year to Date | Corresponding 3 months ended in the previous year |
|---|---|---|---|
| | 31-Dec-23 | 31-Dec-23 | 31-Dec-22 |
| Total Income from Operations | 6186.69 | 17708.57 | 2632.89 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items) | 106.88 | 120.02 | (366.02) |
| Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 106.88 | 120.02 | (366.02) |
| Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 127.96 | 117.68 | (457.54) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 128.31 | 118.04 | (456.89) |
| Equity Share Capital | 387.50 | 387.50 | 387.50 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balace Sheet of the previous Year | - | - | - |
| Earnings Per Share (of Re. 1/- each) (for continuing and discontinued operations) 1) Basic : | 0.33 | 0.30 | (1.18) |
| 2) Diluted : | 0.33 | 0.30 | (1.18) |

**Key numbers of Standalone Results are as under :**

| Particulars | Current Quarter Ending | Year to Date | Corresponding 3 months ended in the previous year |
|---|---|---|---|
| | 31-Dec-23 | 31-Dec-23 | 31-Dec-22 |
| Total Income from Operations | 6186.41 | 17705.17 | 2632.89 |
| Profit / (Loss) Before Tax | 108.29 | 127.48 | (365.86) |
| Profit / (Loss) After Tax | 129.37 | 125.14 | (457.38) |

**NOTES :**

1. The above is an extract of the detailed format of Consolidated Un-audited Financial Results for the Quarter 31/12/2023 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Consolidated and Standalone Un-audited Financial Results is available on the website of the Stock Exchange www.bseindia.com and on the Company website at www.raghuvir.com.
2. Figures of the previous quarter / period / year have been regrouped or rearranged, wherever necessary.

**Date : 07-02-2024**
**Place : Ahmedabad.**

**For, Raghuvir Synthetics Limited**
**Sd/-**
**Sunil Raghubirprasad Agarwal**
**(Chairman & Managing Director)**
**DIN No.: 00265303**



KALPA-TARU®

**KALPATARU PROJECTS INTERNATIONAL LIMITED**

(Formerly Kalpataru Power Transmission Limited)

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028, Gujarat, India
**CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter and Nine Months Ended December 31, 2023**

( ₹ in Crores )

| Particulars | Consolidated | | | | |
|---|---|---|---|---|---|
| | Quarter Ended | | For Nine Months Ended | | Year Ended |
| | December 31, 2023 (Unaudited) | December 31, 2022 (Unaudited) | December 31, 2023 (Unaudited) | December 31, 2022 (Unaudited) | March 31, 2023 (Audited) |
| Total Income from Operations | 4,896 | 4,004 | 13,655 | 11,479 | 16,361 |
| Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 193 | 159 | 490 | 447 | 551 |
| Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 193 | 159 | 490 | 430 | 642 |
| Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 144 | 109 | 347 | 295 | 435 |
| Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 175 | 177 | 389 | 228 | 379 |
| Equity Share Capital (Face Value of ₹ 2 each) | 32 | 30 | 32 | 30 | 32 |
| Other Equity (excluding Revaluation Reserve) | | | | | 4,688 |
| Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | |
| a) Basic | 8.70 | 7.92 | 21.26 | 19.09 | 29.06 |
| b) Diluted | 8.70 | 7.92 | 21.26 | 19.09 | 29.06 |

**Notes to consolidated results:**

1. The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website www.kalpatarupower.com
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 07, 2024. The same have also been subjected to Review by the Statutory Auditors.
3. Information of Standalone Unaudited Financial Results of the Company are as under :-

( ₹ in Crores )

| Particulars | Quarter Ended | | For Nine Months Ended | | Year Ended |
|---|---|---|---|---|---|
| | December 31, 2023 (Unaudited) | December 31, 2022 (Unaudited) | December 31, 2023 (Unaudited) | December 31, 2022 (Unaudited) | March 31, 2023 (Audited) |
| Total Income from Operations | 4,147 | 3,509 | 11,613 | 9,941 | 14,337 |
| Profit after exceptional items and before tax | 194 | 165 | 529 | 518 | 738 |
| Profit after tax | 144 | 111 | 383 | 379 | 531 |

For, Kalpataru Projects International Limited

Manish Mohnot
Managing Director & CEO
DIN:01229696

Place : Mumbai
Date : February 07, 2024

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.